PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૩/કવા–૦૩/૧૭–૧૮/1076(2) તા. 05-02-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ઉસદડીયા વિપુલ બાબુલાલ,
નહેરૂપાર્ક કો.ઓ. હાઉસીગ સોસાયટી
બ્લોક નં. – ૪૧/એ,
ગરબીચોક પાસે,
જુનાગઢ – ૩૬૨૦૦૧
મો: ૯૯૨૫૮ ૧૩૨૧૮

વિષય :–ઓદ્યોગીક વીજ જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૫–૧૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૩/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી – જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, સેન્ટ્રલ પેટા વિભાગીય કચેરી જુનાગઢ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૬૩/ક્વા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૫–૦૧–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ઉસદડીયા વિપુલ બાબુલાલ, ગામ: જુનાગઢ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ઉસદડીયા વિપુલ બાબુલાલ રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : સેન્ટ્રલ પેટા વિભાગીય કચેરી જુનાગઢ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી – જુનાગઢ)**

**રજુઆત કરનાર :ભીમાણી સર નાયબ ઈજનેર (ટેક) – શહેર વિભાગીય કચેરી – જુનાગઢ**

## : હુકમ :

**ફરીયાદ: ઓદ્યોગીક વીજ જોડાણ બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં.–(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તા.૦૯–૧૧–૧૭ ના રોજ રસીદ નંબર : ૧૮૪૭૦૫ થી રૂ.૧૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરી અને નવુ થ્રી ફેઇઝ કોમર્શીયલ હેતુનુ વીજ જોડાણ જે તે સ્થળ પર મેળવવા માટે – પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા અરજી નોંધાવેલ હતી. તેમના બીલ્ડીંગ નુ કામ પૂર્ણ થયેલ હોવા છતા – તેમજ, તેઓની વારંવાર ની રજુઆત હોવા છતા, તેઓને જોડાણ મળેલ ન હોય – આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી નીચે મુજબ ની વિગત જણાવેલ છે.<br>➤ (૧) અરજદાર શ્રી ઉસદડીયા વિપુલ બાબુલાલ દ્વારા કોમર્શીયલ હેતુનુ ૪૦ કીવો નુ વીજ જોડાણ મેળવવા માટે – તા.૦૯–૧૧–૧૭ ના રોજ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા અરજી નોંધણી કરાવેલ.<br>➤ (૨) તા.૦૩–૧૦–૧૭ અને તા.૨૨–૧૦–૧૭ ના રોજ– અરજદાર ના પડોશી દ્વારા સદર બાંધકામ ગેરકાયદેસર હોય – જેથી – ગેરકાયદેસર બાંધકામ ને ઉતેજન ન મળે તે માટે વીજ જોડાણ ન આપવા માટે – જુનાગઢ સીવીલ કોર્ટ મા ૧૦૯/૧૭ થી દાવો દાખલ કરેલ છે, અને સદર બાબત પડતર છે.<br>➤ (૩) માન. હાઈકોર્ટ દ્વારા એસસીએ નં. – ૨૩૧૪૭/૧૭ ના ઓર્ડર ની તા.૨૬–૧૨–૧૭ મુજબ – "……The concerned respondent is directed to decide representation, if made by the petitioners, in accordance with law as expeditiously as possible and preferably within a period of 04 weeks, for the date of receipt of representation….."<br>➤ (૪)સદર બાબતે – સબંધક પેટા વિભાગીય કચેરી દ્વારા – અરજદાર શ્રી ને તા.૧૬–૧૨–૧૭ ના રોજ – માંગણી મુજબ ના વીજ જોડાણ નુ ભાવપત્રક અપાયેલ છે.<br>➤ (૫) જે ભાવપત્રક અરજદાર દ્વારા તા.૧૬–૧૨–૧૭ ના રોજ ભરપાઈ થયેલ છે. તેમજ વીજ જોડાણ આપવા અંગે ની કાર્યવાહી પ્રગતી મા છે. જે અંગે ની જાણકારી અરજદાર ને પત્ર નં.૪૩૭૫ તા.૨૭–૧૨–૧૭ થી કરાયેલ છે. |

**મુદદા નં.—૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – સદર બાબત – મુદદા નં. ૨.૧ ના પેટા મુદદા નં. (૨) અને (૩) મુજબ ની વિગતે – નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ કાનુની કાર્યવાહી હેઠળ પડતર છે. જેથી સદર કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોક્ત સંદર્ભ મુજબની ફરીયાદ રજુઆત દફતરે કરવામા આવે છે. તેમજ તે બાબતે કોઈ નિષ્કર્ષ કરાયેલ નથી. |

**મુદદા નં.—૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.